**મહે. આઠમા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.અમદાવાદ ગ્રામ્ય (રૂમ નં.૧૧૪)**

---

**ફોજદારી કેસ નં. ૨૬૬૦૫/૨૦૨૬ ના કામે આંક–૧ હેઠળ હુકમ**

---

**શ્રી સરકાર વિ. આરોપી:– રકીબુલ સીદીક મોંડલ**

---

આ કામના આરોપીએ **બી.એન.એસ.કલમ–૨૨૩ મુજબ** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કર્યો તેવો ફરીયાદપક્ષનો આક્ષેપ છે. ત્યારબાદ આરોપી હાજર થતાં તેની પ્લી રેકર્ડ કરવામાં આવતા તેણે તેની સામેનો ગુનો કબુલ રાખેલ છે. વિશેષમાં આરોપી તરફે રજુઆત છે કે, તેઓ ગરીબ ઈસમ છે, ગુના બાબતે અજાણ અને અજ્ઞાન છે અને ભવિષ્યમાં ફરી આ પ્રકારનો ગુનો કરશે નહી. જેથી દયા રાખી હળવી સજા કરવા વિનંતી કરેલ છે. વિશેષમાં કોર્ટ દ્વારા આરોપીને સમજાવેલ છે કે, કબૂલાત કરવા તેઓ બંધાયેલ નથી અને ગુનો કબૂલ કરવામાં આવશે તો કાયદાની જોગવાઈ મુજબ મહતમ સજા થઈ શકે છે. આમ છતાં આરોપી તેમની સામેનો ગુનો સ્વૈચ્છાએ કબૂલ મંજુર રાખેલ છે. વધુમાં આરોપી સામે કોઈ ગુનાહિત ઈતિહાસ હોય તેવુ રેકર્ડ પરથી જણાતુ નથી. આરોપી ગુન્હા અંગે પસ્તાવો વ્યકત કરતા હોય, સુધરવાની તક માટે અરજ કરતા હોય, આરોપીની ઉંમર, આરોપી સામે કોઈ ગુનાહીત ઈતિહાસ રેકર્ડ પર આવેલ ન હોય તે હકીકત, ગુનાની ગંભીરતા વિગેરે તમામ પરીબળો સાથે સાથે નામ. ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ વિ. નટવર હરખચંદ ઠાકોર, ૨૦૦૫, જી.એલ.આર. પેઈજ નં.૭૦૯ વાળા કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતને લક્ષમાં રાખતા, આરોપીને હળવી સજા કરી, સુધરવાની તક આપવામાં આવશે તો તે યોગ્ય અને ન્યાયોચિત જણાશે, તેવુ આ કોર્ટનુ માનવુ હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**–::– હુકમ –::–**

૧) આ કામના આરોપીને **બી.એન.એસ.કલમ– ૨૨૩ મુજબ** મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી, સદર ગુના સબબ આરોપીને સંયુકત રીતે રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન–૧ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ સ્પે.શીટીંગમાં જાહેર કર્યો.

**તા.૧૧/૦૭/૨૦૨૬**
**અમદાવાદ (ગ્રામ્ય)**

**(ડી.જે. દોશી)**
**આઠમા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**
**અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા**
**કોડ : જી. જે. ૦૧૨૮૮**

દંડ પાવતી નં.........................................

વસુલ દંડની રકમ રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા) .

તા.૧૧/૦૭/૨૦૨૬

**નાઝીર/સીનીયર કલાર્ક**
**આઠમા અધિક ચીફ જ્યુ.મેજી.કોર્ટ,**
**અમદાવાદ(ગ્રામ્ય) નવરંગપુરા**